RIGHT TO INFORMATION

સુરત મહાનગર પાલિકા
बहुजनहिताय बहुजनसुखाय

અપીલ અરજી નં.૬૧૨ તા.૭–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી શ્રેયાંશ એ. પંડયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી ત. જાહેર માહિતી અધિકારી
(ફાઈલેરીયા/મેલેરીયા)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શ્રેયાંશ એ. પંડયાની તા. ૧૮–૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા રોજીંદા બેલદારો પાસે લેવાતી એકટીવ સર્વેલન્સની કામગીરી એટલે શું ? તેની વિગતવાર કામગીરી જણાવશો. વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૧૨/૨૦૧૧–૧૨

શ્રી શ્રેયાંશ એ. પંડયાની તા. ૧૮–૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા રોજીંદા બેલદારો પાસે લેવાતી એકટીવ સર્વેલન્સની કામગીરી એટલે શું ? તેની વિગતવાર કામગીરી જણાવશો. વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/ ૭૭૦૬ તા.૩–૨–૧૨થી મુદ્દા નં.૪ ના મળેલા પ્રતિભાવ તથા મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી નહીં મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા દસ્તાવેજ ફી ભર્યાની વિગત જણાવેલ છતાં માહિતી નહીં પુરી પાઠવા અંગે કલમ–૭(૧) સાથે ૭(૩)નું પાલન થયેલ છે કે કેમ ? તે ચકાસી જણાવવા તેમજ મુદ્દા નં. ૧ થી ૩ની માહિતી અંગેની હકીકત સ્પષ્ટ કરવાપત્ર** નં.આરટીઆઈ સેલ /૧૭૭૪ તા.૧૬–૨–૧૨ થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) તથા અરજદારને દસ્તાવેજ ફી જમા કરાવ્યાના આધાર, રસીદ નં., તારીખ કે નકલ રજૂ કરેલ નથી તે રજૂ કરવા તથા મુદ્દા નં. ૧ થી ૩ અંગે તેમની જાણ હેઠળ કોઈ તબદીલી થયેલ હોય તો પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવવા તેમજ આરટીઆઈ એકટની કલમ–૭(૧) સાથે ૭(૩)નો અભ્યાસ કરેલ કે કેમ ? પ્રસ્તુત કેસમાં તેનું ઉલ્લંઘન છે કે કેમ ? કલમ–૧૯(૧) હેઠળ અપીલનું કારણ બને છે ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૮૪૫૪ તા.૧–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૨૦૪૨ તા.૧૯–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તથા આરોગ્ય અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૭૫૨૧ તા.૧–૨–૧૨ થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં.૧ થી ૩ બાબતે મ. જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, કતારગામઝોનમાં જાન્યુ.૨૦૧૧ થી ડીસે.૨૦૧૧ ના રોજીંદા બેલદારોની યાદીની નકલ, પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૭૦૬ તા.૩–૨–૧૨ નાણા ભરવા પાઠવેલ પત્ર તથા અરજદારને સમય અવધિમાં આપેલ માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૦૦૩ તા.૧૪–૨–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં તબદીલીની વિગત જણાવેલ ન હોઈ ફાઈલેરીયા/મેલેરીયા ને પત્ર પાઠવી તેમની કક્ષાએથી માહિતી આપ્યાની વિગત તેમને પક્ષકાર બનાવી મેળવી શકાઈ નથી.

અરજદારની તા. ૧૮–૧–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૨૦૪૨ તા.૧૯–૧–૧૨ થી સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તથા આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જે કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/ આરટીઆઈ/ જાવક/ ૭૫૨૧ તા.૧–૨–૧૨ થી સમય અવધિ બાદ મ. જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી કતારગામ તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૭૦૯ તા.૩–૨–૧૨ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૪ ની માહિતી પૂરી પાડેલ છે મુદ્દા નં.૧ થી ૩ માટે પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/ જાવક/ ૭૫૨૧ તા.૧–૨–૧૨ થી મ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. જંતુનાશક અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્રારા રોજીંદા બેલદારો પાસે લેવાતી એકટીવ સર્વેલન્સની કામગીરી એટલે શું ? તેની વિગતવાર કામગીરી જણાવશો.મુદ્દા નં.(૨) વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા પ્રાયમરી હેલ્થ વર્કર પાસે લેવાતી એન્ટીલાર્વલ , એન્ટી એડલ્ટ, મેલેરીયા સર્વેલન્સ એટલે શુ? તેની વિગતવાર કામગીરી જણાવશો. મુદ્દા નં.(૩) વેકટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ રોજીંદા બેલદાર અને પ્રાયમરી હેલ્થ વર્કરની તમામ માહિતી વિગતવાર પૂરી જણાવશો. મુદ્દા નં.(૪) કતારગામઝોનમાં વીબીડીસી વિભાગમાં જાન્યુ. ૨૦૧૧ થી ડીસે.૨૦૧૧ સુધી સુમપામાં રોજીંદા બેલદારોની કેટલી મંજુરી કેટલા દિવસની મંજુરી આપવામાં આવી અને કેટલી જાહેર રજા ગણવામાં આવી તેમજ કેટલા દિવસ ગેરહાજર રહયા તેની તારીખ સહિતની માહિતી પૂરી પાડશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી કતારગામઝોનમાં વીબીડીસી વિભાગમાં જાન્યુ. ૨૦૧૧ થી ડીસે.–૧૧ સુધીના રોજીંદા બેલદારોની માહિતીની નકલ મેળવવા માટે નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ –૩૦૮ નકલના રૂા.૬૧૬/– દસ્તાવેજી ફી ભરપાઈ કર્યેથી તેની નકલ આપવામાં આવશે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે રસીદ નં.૧૫૪૧૬૭ તા. ૬–૨–૧૨ થી સેન્ટ્રલઝોનમાં ભરપાઈ કરેલ છે ત્યાર બાદ અરજદારે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી પૂરી પાડવા અનુ મુદ્દા નં.૪ બાબતે રૂા.૬૧૬/– જમા કરેલ હોવા છતાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૭–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે.જે બાબતે જાહેર માહિતી અધિકારી કતરગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૦૦૩ તા.૧૪–૨–૧૨ ના પત્રથી નિયત સમય અવધિમાં અરજદારને માહિતીના કુલ નકલ નંગ–૩૦૮ પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં જાહેર માહિતી અધિકારી કતારગામઝોન કક્ષાએથી મુદ્દા નં.૧ થી ૩ માટે જાહેર માહિતી અધિકારી ફાઈલેરીયા/મેલેરીયા વિભાગને વિગતો અત્રે જણાવેલ ન હોય શરૂઆતમાં જાહેર માહિતી અધિકારીને પક્ષકાર તરીકે જોડી ૧ થી ૩ મુદ્દાની વિગતો અંગે માહિતી આપ્યા નહીં આપ્યાની બાબત જાણી શકાઈ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૭–૨–૧૨ ધ્યાને લેતાં ૭–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અ ત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દાનં.૧ થી ૩ ની જાહેર માહિતી અધિકારી ફાઈલેરીયા/મેલેરીયા મુખ્ય કચેરી તરફથી પૂરી પડાયેલ ન હોય તો તેની દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અને જો પૂરી પડાયેલ હોય તો તેવા પત્રનો હવાલો આપી અરજદારને સૂચિત કરી અત્રે નકલ મોકલવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ફાયલેરીયા/મેલેરીયા ને જણાવવામાં આવે છે. જયારે

મુદ્દા નં.૪ બાબતે અરજદારને માહિતી મળેલ ન હોવાનું જણાવેલ હોવાથી અરજદારને માહિતી મોકલ્યા અંગેના પત્રની નકલ પુરાવાના આધાર સહની વિગતો અરજદારને જણાવવા અને તેની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ફાઈલેરીયા/મેલેરીયા).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી શ્રેયાંશ એ. પંડયા,